# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્"ના 150 વર્ષ પૂરા થવાના સ્મરણોત્સવનું ઉદ્ઘાટન કર્યું.
2. બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનો પ્રચાર પૂરજોશમાં, પ્રધાનમંત્રી બે જાહેર સભાને સંબોધશે.
3. વાવાઝોડા મેલિસાથી થયેલા વિનાશમાંથી રાહત માટે ભારતે જમૈકામાં 20 ટન માનવતાવાદી સહાય પહોંચાડી.
4. આગામી 48 કલાક દરમિયાન મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી.
5. ભારતીય હોકીની શતાબ્દી નિમિત્તે નવી દિલ્હીમાં રમાયેલી પ્રદર્શની મેચમાં હોકી ઇન્ડિયા ઇલેવન સામે સ્પોર્ટ્સ મિનિસ્ટર્સ ઇલેવનનો વિજય.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# NEW PM VANDE MATARAM

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્" ના 150 વર્ષ પૂરા થવા નિમિત્તે વર્ષભર યોજાનારા સ્મરણોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ એક સ્મારક સ્ટેમ્પ અને સિક્કો પણ બહાર પાડ્યો. તેમણે "vandemataram150.in" પોર્ટલનો શુભારંભ કર્યો , જ્યાં નાગરિકો રાષ્ટ્રીય ગીત ગાતા તેમના વીડિયો અપલોડ કરી શકે છે અને પ્રમાણપત્ર મેળવી શકે છે.નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વંદે માતરમ એક મંત્ર, એક ઉર્જા, એક સ્વપ્ન અને એક સંકલ્પ છે.

તેમણે ઉમેર્યું કે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ગીત દ્વારા સ્વતંત્ર , સંયુક્ત અને સમૃદ્ધ ભારત માટે એક સ્પષ્ટ આહ્વાન શરૂ કર્યું હતું.

## (બાઇટ : PM--VANDE-MATRAM)

શ્રી મોદીએ કહ્યું કે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે એક વખત કહ્યું હતું કે બંકિમચંદ્રનું 'આનંદમઠ' માત્ર એક નવલકથા નથી. તે સ્વતંત્ર ભારતનું સ્વપ્ન છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખાયેલા દરેક શબ્દનો ઊંડો અર્થ હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વંદે માતરમ ગીત દરેક યુગમાં સુસંગત છે.

## (બાઇટ : PM—ANANDMATH)

દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના, કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વંદે માતરમ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા 7 નવેમ્બર 1875 ના રોજ અક્ષય નવમીના રોજ લખવામાં આવ્યું હતું. તે સૌપ્રથમ સાહિત્યિક જર્નલ બંગદર્શનમાં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે પ્રકાશિત થયું હતું.

. . . . . .

# PREZ - VANDE MATARAM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠની ઉજવણી કરી. આ તકે તેઓએ એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યુ કે , બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયએ 1905માં સ્વદેશી ચળવળ દરમિયાન બ્રિટિશ શાસન વિરુદ્ધ સન્યાસી બળવાના સમયે અમર ગીત વંદે માતરમની રચના કરી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ત્યારથી આજ સુધી, આ ગીતે લોકોને એકજૂટ કર્યા છે અને ભવિષ્યમાં પણ આમ જ એકજુટ થતાં રહેશે. આ પ્રસંગે , તેમણે લોકોને ભારત માતાને સમૃદ્ધ અને ખુશ રાખવા માટે પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની **150**મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યુ કે , વંદે માતરમ એક શાશ્વત ગીત છે જે રાષ્ટ્રવાદની ભાવનાને જાગૃત કરે છે અને પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે વંદે માતરમ ભારતની સ્વતંત્રતા ચળવળ દરમિયાન એક શક્તિશાળી પ્રતીક તરીકે ઉભરી આવ્યું , જેણે દેશભરમાં દેશભક્તિની ભાવનાને ફરીથી જાગૃત કરી.

. . . . . . . . . .

# PUDUCHERRY VANDE MATARAM

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ નિમિત્તે , પુડુચેરી સરકારના કલા અને સંસ્કૃતિ વિભાગે આજે કમ્બન કલાઈરંગમ ખાતે એક સમૂહ ગાયન કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપરાજ્યપાલ કે. કૈલાસનાથન , મુખ્યમંત્રી એન. રંગાસ્વામી , સ્પીકર આર. સેલ્વમ અને અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. દરમિયાન નવી દિલ્હીમાં યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ રાષ્ટ્રવ્યાપી સમૂહ વંદે માતરમ ગાયનનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ વિવિધ દેશભક્તિ ગીતોના ગાન સાથે પૂર્ણ થયો. પુડુચેરી , કરાઈકલ, યાનમ અને માહેમાં શાળાઓ , કોલેજો, સરકારી કચેરીઓ અને અન્ય સંસ્થાઓમાં પણ કાર્યક્રમો યોજાયા.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

# PM VARANASI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે વારાણસી પહોંચશે. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હવાઈમથક પર તેમનું સ્વાગત કરશે.

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે બનારસ-ખજુરાહો અને લખનૌ-સહારનપુર સહિત ચાર વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. પ્રધાનમંત્રીના આગમનને લઈને કાશીમાં ભારે ઉત્સાહ છે અને ભવ્ય સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી છે.

સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ : પ્રેમચંદ

. . . . . . . . . .

# BIHAR ELECTION CAMPAIGN

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનો ચૂંટણી પ્રચાર પૂરજોશમાં થઈ રહ્યો છે. NDA અને મહાગઠબંધનના વરિષ્ઠ નેતાઓની સાથે, અન્ય પક્ષોના નેતાઓએ પણ પ્રચારમાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે.

સીમાંચલ, મગધ, શાહાબાદ અને ચંપારણ પ્રદેશોના જિલ્લાઓમાં , સ્ટાર પ્રચારકો અને વિવિધ પક્ષોના વરિષ્ઠ નેતાઓ સઘન ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઔરંગાબાદ અને કૈમુર જિલ્લામાં બે જાહેર સભાઓને સંબોધિત કરશે.

કોંગ્રેસ પક્ષ તરફથી, વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી ભાગલપુર અને બાંકામાં જાહેર સભાઓને સંબોધિત કરશે , જ્યારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ગયા અને રોહતાસમાં રેલીઓમાં હાજરી આપશે.

મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તેજસ્વી પ્રસાદ યાદવ પૂર્ણિયા , અરરિયા, ભાગલપુર અને બાંકામાં 18 જાહેર સભાઓને સંબોધિત કરશે.
વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં , 20 જિલ્લાના 122 વિધાનસભા મતવિસ્તારોમાં 11 નવેમ્બરે મતદાન થશે , જ્યારે મતગણતરી 14 નવેમ્બરે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IND - JAMAICA HURRICANE RELIEF

વાવાઝોડા મેલિસાથી થયેલા વિનાશમાંથી રાહત માટે ભારતે જમૈકામાં માનવતાવાદી સહાય પહોંચાડી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં , જમૈકામાં ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાના વિમાન દ્વારા લગભગ 20 ટન માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતનો જથ્થો જમૈકાને મોકલવામાં આવ્યો હતો.

તેમાં ઉમેર્યું હતું કે રાહત સામગ્રીમાં ખાસ ભીષ્મ મેડિકલ ટ્રોમા યુનિટ , જનરેટર, સાદડીઓ, રસોઇ કીટ, સૌર ફાનસ, સ્વચ્છતા કીટ અને વાવાઝોડા પછીની પુનઃપ્રાપ્તિને ટેકો આપવા માટે અન્ય આવશ્યક પુરવઠો સામેલ છે.

આ સહાય જમૈકામાં ભારતના હાઈ કમિશનર મયંક જોશી દ્વારા જમૈકાના વિદેશ અને વિદેશી વેપાર મંત્રી કામિના જોહ્ન્સન સ્મિથને સોંપવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આગામી 48 કલાક દરમિયાન મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી કરી છે.

હવામાન સંસ્થાએ આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની પણ આગાહી કરી છે. દરમિયાન , દિલ્હી-**NCR** ક્ષેત્રમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર , આજે સવારે સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક-**AQI** 310 નોંધાયો હતો.

. . . . . . . . . . . .

# EARLY - HOCKEY 100 YEARS

ભારતીય હોકીના શતાબ્દી સમારોહ નિમિત્તે આજે નવી દિલ્હીમાં સ્પોર્ટ્સ મિનિસ્ટર્સ ઇલેવન અને હોકી ઇન્ડિયા ઇલેવન વચ્ચે એક પ્રદર્શની હોકી મેચ રમાઈ હતી.

આ મેચમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયા , કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને અન્ય મહાનુભાવોએ ભાગ લીધો હતો. આ મેચ જોવા માટે ભારતીય હોકી ટીમના ભૂતપૂર્વ સ્ટાર ખેલાડીઓ પણ હાજર રહ્યા હતા. આ મેચ સ્પોર્ટ્સ મિનિસ્ટર્સ ઇલેવને 3-1થી જીતી હતી.

ભારતીય હોકી ફેડરેશનની સ્થાપના 7 નવેમ્બર, 1925 ના રોજ કરવામાં આવી હતી જેનું નામ બાદમાં 2009 માં હોકી ઇન્ડિયા કરાયું.

. . . . . . . .

# ED - FEMA SEARCHES

દુબઈમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલી અઘોષિત સંપત્તિઓના સંદર્ભમાં વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ- **FEMA** હેઠળ હવાલા ઓપરેટરો પર પ્રવર્તન નિદેશાલય- **ED** મુખ્ય કાર્યાલય દિલ્હી અને ગોવામાં વિવિધ સ્થળોએ દરોડા પાડ્યા છે. હજી તપાસ ચાલી રહી છે.

. . . . . . . . .